# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૨/ક્વા-૨/૧૯-૨૦/ ૮૨૭૧–i** **તા.૧૭–૧૨–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૨/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **જાદવભાઈ છગનભાઈ પરમાર** ગામ: **સીદસર**
રજૂઆત કરનાર: **અરજદાર જાદવભાઈ છગનભાઈ પરમાર હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વિ.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: 03-૧૨-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ **સદર કેસની સુનાવણી** તા. ૦૯-૧૦-૨૦૧૯ (બુધવાર) **ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર હાજર રહેલ ન** હતા. **જ્યારે** પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વિ.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા હાજર રહેલ** હતા. **જેથી અરજદાર ના કેસની સુનાવણી** તા. ૦૩-૧૨-૨૦૧૯ (મંગળવાર) **ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર જાદવભાઈ છગનભાઈ પરમાર એ. ગામ -ભાટીયા, તેઓની અરજીના નોંધણી નં: ૫૨/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, કલ્યાણપુર તાલુકાના સીદસર ગામે આવેલ જમીનમાં ખેતીવાડી વીજજોડાણ અગ્રતા મુજબ પાસ થતા – જરૂરી સાધનીક કાગળો પુરા કરી આપેલ છે, ત્યારબાદ ભાવપત્રક ટેસ્ટ રીપોર્ટ તા.૦૮–૦૩–૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. આશરે ૦૫ માસ ઉપર સમય થવા છતા – સદર વીજજોડાણ ચાલુ કરી આપેલ નથી. જેથી, ખરી મોસમ પિયત ડિઝલ એન્જીન થી કરવુ પડતુ હોય – જે ખર્ચાળ હોય – અરજદારે ન્યાય અને સીધ્ધાંત મુજબ – વીજજોડાણ ૦૩ મહિનામાં આપવાનુ હોય છે. જે વંચિત રાખતા અરજદારે દિન–૧૦ મા વીજજોડાણ આપવા – જરૂરી હુકમ ફરમાવવા માટે – **અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી જાદવભાઈ છગનભાઈ પરમાર રે. સિદસરા (ઉદેપુર) તા. કલ્યાણપુરના સર્વે નંબર ૩૭૮ માં નવું ખેતીવાડી વીજ જોડાણ માટે રૂ.૨૦૦/- રસીદ નંબર WV 218809 તારીખ 16.11.2019 ના રોજ અરજી કરેલ છે જેના SR નંબર 8435364 છે. અગ્રતાક્રમ મુજબ વારો આવતા વડતરા કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી 2109 તારીખ 26.02.2019 ના રોજ અંદાજપત્રક આપવામાં આવેલ જે અંદાજપત્રક રસીદ નંબર UF ૬૯૭૬/૭૭/૭૮ તારીખ ૦૮.૦૩.૨૦૧૯ અને ટેસ્ટ રિપોર્ટ રસીદ નંબર UF૬૯૭૯/૮૦/૮૧ તારીખ ૦૮.૦૩.૨૦૧૯ ના રોજ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ છે.**

3.૧ **વડતરા કચેરી ના સામેલ પત્ર નંબર વીએસડી/સીજીઆરએફ/ 10842 તારીખ 04.10.2019 મુજબ સદર વીજ જોડાણ તારીખ13.09.2019 ના રોજ રિલિઝ કરેલ છે પ્રફ્રોમાં 15 ની નકલ આ સાથે સામેલ છે.**

3.૨ અરજદાર ની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- સદર વીજજોડાણ આપવામા વડત્રા પેટા વિભાગીય કચેરી ના ખેતીવાડી વિભાગના નાયબ ઈજનેર દ્વારા કામગીરી હાથ ધરાયેલ – પરંતુ, જે તે સમયે ચોમાસાની સીઝન અને જે ફીડરમાથી વીજજોડાણ આપવાનુ હોય તે ફીડર – ભાટીયા – પેટા વિભાગીય કચેરી હેઠળ આવતો હોવાથી – જે તે સમયે વીજલાઈન ની કામગીરી કરવા માટે લાઈન કલીયર ન મળવાના કારણોસર વિલંબ થયેલ છે. આમ, સદર વીજજોડાણ આપવામા પીજીવીસીએલ તરફથી ઈરાદા પૂર્વક કોઈ વિલંબ કરાયેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજુઆત મુદ્દા નં. ૨.૦ મુજબ ની વિગતે – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૧૬–૧૧–૧૯ ના રોજ અરજી કરેલ છે, જે અન્વયે સામેવાળા દ્વારા તા.૨૪–૦૨–૧૯ ના નિયત ભાવપત્રક અરજદારને પાઠવવામા આવેલ છે. જે અરજદાર દ્વારા તા.૦૮–૦૩–૧૯ થી ભરપાઈ કરેલ છે. તેમજ ટેસ્ટ રીપોર્ટ પણ તા.૦૮–૦૩–૧૯ થી નિયતચાર્જ ભરપાઈ કરીને રજુ કરેલ છે. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ને નિયત સમયમર્યાદામાં વીજજોડાણ અપાયેલ ન હોય – અરજદારે ફોરમ સમક્ષ સદર રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોકત ઉપરોકત મુદ્દા નં. ૪.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર નવુ ખેતીવાડી વીજજોડાણ મીટર રીપ્લેસમેન્ટ રોજકામ શીટ નં.–૨૮૦૧ **તારીખ13.09.2019 થી** અરજદારની હાજરીમાં – જીનસ કંપની નુ મીટર નં.– પીટી–૨૫૦૪૫૭ થી – લગાડી વીજજોડાણ રીલીઝ **કરાયેલ** છે.

૪.૩ As per Hon. GERC regulation Notification No. 10 of 2005, Clause No. 9.4 for Agricultural Connections stated that “ The release of agriculture connections shall be subject to the provisions of the Annual Plan. The licensee shall inform the applicant in writing within 15 days of receipt of application about time likely to be taken for release of connection. The time limit for release of connection under this category will be 30 days from receipt of payment of demand note or due date of demand note, whichever is later, subject to the condition that distributing system exists and connection is technically feasible and will meet with safety requirements. In case a new distribution system is to be laid, the time shall be reckoned from the date of energizing of the distribution system and in any case within 120 days. The Commission may also extend the time on a case-to-case basis if the connection is in a remote village.”

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૪.૩ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ રજુઆત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે – ચોમાસાની સીઝન અને જે ફીડરમાથી અરજદારનુ સદર વીજજોડાણ આપવાનુ હોય તે ફીડર – અન્ય ભાટીયા પેટા વિભાગીય કચેરી હેઠળ આવતો હોવાથી – જે તે સમયે વીજલાઈન ની કામગીરી કરવા માટે

લાઈન કલીયર ન મળવાના કારણોસર વિલંબ થયેલ છે. અરજદારનુ સદર વીજજોડાણ તા.૧૩–૦૯–૧૯ ના રોજ કરાયેલ હોય – આમ, સદર કેઈસ મા પીજીવીસીએલ તરફથી ઈરાદા પૂર્વક કોઈ વિલંબ કરાયેલ નથી – જે બાબત ફોરમ કમિટી ને યોગ્ય જણાયેલ છે.

૪.૫ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯